**ફોજદારી કેસ નં.૪૪૩/૨૦૨૩**

**<u>-:: આંક-૧ નીચે હુકમ ::-</u>**

આરોપી સામે ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી અર્થે હાલનુ ચાર્જશીટ રજૂ કરવામા આવેલ છે. જે સબંધેની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપીએ તેની સામેનો ગુન્હો કબુલ કરતી પુરસીસ આ અદાલતમા આપેલ છે. જેમા પણ આરોપીએ તેમની સામેના ગુન્હાની કબુલાત કરેલી છે. જેથી આરોપીને સમજાવવામા આવેલ છે કે ગુન્હો કબુલ કરવા તે બંધાવેલ નથી. તેમ છતા તે તેમની કબુલાતને વળગી રહેલ છે જેથી આરોપી તરફે કરવામા અવેલ કબુલાત ખરી, કાયદેસરની અને સ્વેચ્છિક હોવાની ખાત્રી થતાં તે મંજુર કરવામા આવેલ અને આરોપીને તેમની સામેના ઉપરકોત શિક્ષાને પાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામા આવે છે. હાલના કેસમા ગુન્હાનો પ્રકાર ધ્યાને લ ેતા તથા કેસના સંજોગો ધ્યાને લેતા અને આરોપીની રજૂઆત, સંજોગો તથા ન્યાયનુ હિત ધ્યાને લેતા અને આરોપીની રજૂઆત, સંજોગો તથા ન્યાયનુ હિત ધ્યાને લેતા અને આરોપીને એકવાર સુધરવાની તક આપવાના હેતુથી કાયદાએ સૂચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા માટેના પૂરતા અને વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેમજ અત્રેની કોર્ટ દવારા રાષ્ટ્રીય લોક અદાલતમા સ પેશ્યલ સીટીંગ દરમ્યાન આવા પ્રકારના કેસોમા કબૂલાત સ્વિકારી કેસો પૂર્ણ કરાયેલ હોય જે નજર સમક્ષ રાખતા અને **<u>નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર.નં.૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા</u>** આરોપીને દંડ કરવો જોઈએ તેવુ ન્યાયના હિતમા યોગ્ય જણાય છે. જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવાંમા આવે છે.

**// હુકમ //**

**૧)** આરોપીને **ક્રિ.પ્રો.કો.કલમ-૨૫૨** મુજબ **મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૫** ના ગુના માટે **રૂા.૧૦૦૦/-**(અંકે રૂપિયા એક હજાર પુરા) તથા **પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧) બી** ના ગુના માટે **રૂા.૩૦૦/-**(અંકે રૂપિયા ત્રણસો પુરા) મળી **કુલ રૂા.૧૩૦૦/- (અંકે રૂપિયા એક હજાર ત્રણસો પુરા)** નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે. ઉપરોકત કલમનો દંડ જો આરોપી ન ભરે તો દરેક કલમ દીઠ દંડ ન ભરવા સબબ આરોપીને **દિન-૭** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

**૨)** આ કામે મુદામાલ પાવતી મુજબ જો વાહન કબજે કરેલ હોય અને તેનો નામદાર કોર્ટ અગાઉ જો કોઈ હુકમ કરેલ હોય તે હુકમ કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે અન્યથા મુદામાલ વાહન લગત જો કોઈ અગાઉ વચગાળાનો હુકમ થયેલ ન હોય તો મુદામાલ વાહન સબંધિત મુળ માલિકની ખરાઈ કરી સંબધિત પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીએ તેઓને પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૦૯મી, માહે-સપ્ટેમ્બર, સને-૨૦૨૩ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૯/૨૦૨૩<br>
સ્થળ : બોટાદ

(નિતેશ કિશોરભાઈ નાચરે )<br>
સ્પેશીયલ સીટીંગ મેજીસ્ટ્રેટ<br>
બોટાદ<br>
Judge Code GJ-01451